# માહિતી ખાતાની વર્ગ ૧-૨ની ભરતી પ્રક્રિયા પર રોક

## હાઈકોર્ટે ૧૮મી જાન્યુઆરી સુધી સ્ટે મુક્યો : પેનલના સભ્યોની સંખ્યા ઓછી હોવાના કારણે ઇન્ટરવ્યૂમાં અપાયેલા માર્કની સમાનતા જળવાઈ નથી

ગાંધીનગર, તા.૨૧

માહિતી ખાતાની ક્લાસ ૧ અને ૨ની ભરતીની કાર્યવાહી પર ગુજરાત હાઈકોર્ટે તારીખ ૧૮મી જાન્યુઆરી સુધી સ્ટે આપ્યો છે. ક્લાસ ૧ અને ૨ હેઠળ ૨૩ ઉમેદવારોની ભરતી ફાઈનલ થઈ અને ૨૩ ઉમેદવારોને એપોઈન્ટમેન્ટ લેટર મોકલવાના બાકી હતા ત્યારે જ ઈન્ટરવ્યુ બાબતે હાઈકોર્ટમાં અરજી થઈ હતી. ત્યારે હાઈકોર્ટે આજે અરજી સાંભળીને ૧૮મી જાન્યુઆરી સુધી સ્ટે આપી દીધો છે. માહિતી વિભાગના વર્ગ ૧ અને ૨ની અલગ-અલગ પોસ્ટની ભરતી મુદ્દે સિલેક્ટ લિસ્ટ પર ગુજરાત હાઈકોર્ટે સ્ટે આપ્યો છે. પરીક્ષાના કેટલાંક ઉમેદવારોએ ભરતી પ્રક્રિયાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી. જેમાં અરજદારોએ એવો દાવો કર્યો હતો કે માહિતી ખાતાની ક્લાસ ૧ અને ૨ની ભરતીના ઈન્ટરવ્યૂ લેવા માટે ૫ વ્યક્તિની પેનલના તમામ સભ્યોએ હાજર રહી ઈન્ટરવ્યૂ નથી લીધા. ૧૦૦ માર્કના ઈન્ટરવ્યૂમાં પેનલના દરેક સભ્યોએ માર્ક આપવાના હોય છે. પરંતુ પેનલના સભ્યોની સંખ્યા ઓછી હોવાના કારણે ઈન્ટરવ્યૂમાં અપાયેલા માર્કની સમાનતા જળવાઈ નથી. હાઈકોર્ટે રાજ્ય સરકાર, માહિતી વિભાગ સહિતના પક્ષકારોને નોટિસ પાઠવી છે. કોર્ટે અવલોકનમાં નોંધ્યું હતું કે ઈન્ટરવ્યુમાં સમાનતા જળવાઈ નથી. કોઈ દિવસે ઈન્ટરવ્યુમાં ૩ વ્યક્તિ હતા અને કોઈ દિવસે ૪ વ્યક્તિ હતા. આવું શા માટે થયું? વગેરે સવાલો કોર્ટે કર્યા છે. સરકારે ૧૮મી સુધીમાં તેના જવાબ તૈયાર કરીને કોર્ટ સમક્ષ રજૂ કરવાના છે. ઈન્ટરવ્યુની પેનલ અધૂરી હતી એવી મૂળ દલીલ છે. એ મુજબ આ ઈન્ટરવ્યુમાં ૧૦૦ માર્ક્સ હોય છે. એ ૧૦૦ માર્ક આપવા માટે પેનલમાં પાંચ વ્યક્તિ નક્કી થયા હતા. પરંતુ કોઈ દિવસ ઈન્ટવ્યુ લેનારા ઓછા હતા. માટે આપેલા માર્ક્સમાં પણ સમાનતા જળવાઈ નથી. જે દિવસે ૫ ઈન્ટરવ્યુ લેનારા હોય તે દિવસે પાંચેય ઉમેદવારોએ ૧૦૦ના પાંચમા ભાગના એટલે કે ૨૦માંથી માર્ક આપ્યા હશે અને જે દિવસે ચાર ઈન્ટરવ્યુ લેનારા હોય એ દિવસે તેમણે ૨૫માંથી માર્ક્સ આપ્યા હશે. આ અસમાનતા કોર્ટે ધ્યાને લીધી છે. માહિતી ખાતાની વર્ગ ૧ અને ૨ની ભરતી પ્રક્રિયામાં મેરિટના આધારે ઉમેદવારોને પાસ જાહેર કરીને તેઓની નિયુક્તિની પ્રક્રિયા ચાલુ છે તે સમયે પાસ ન થયેલા અનેક ઉમેદવારોએ ઈન્ટરવ્યુ પદ્ધતિ સામે પ્રશ્ન ઉઠાવીને હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેમણે રૂબરૂ ઈન્ટરવ્યુ નવેસરથી લેવા તથા વેઈટીંગ લિસ્ટ પણ બનાવવાની માગણી કરી હતી. આ બાબતે આજે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી અને હાઈકોર્ટે ડેપ્યુટી ડાયરેક્ટર વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી પ્રક્રિયા પર રોક લગાવી દીધી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આવો જરા હું વિરોધ પક્ષવાળાની ઓફિસે આપણાં પક્ષની સ્ટાઈલથી સમજાવવા ગયો હતો... પરંતુ તેમણે એમના પક્ષની સ્ટાઈલથી મને સમજાવીને મોકલી દીધો...!!

# કમલમ્‌ના બદલે ગૌણ સેવા પસંદગી મંડળના કાર્યાલયે દેખાવો કરવા જોઈએ : યુવરાજસિંહ

## પરીક્ષા રદ કરવાની જાહેરાતને આવકારી ગૃહ રાજ્યમંત્રીના વખાણ કરતાં 'આપ'ના નેતા યુવરાજસિંહ જાડેજાએ સૂર બદલ્યા..!!

ગાંધીનગર, તા. ૨૧

ગૌણસેવા પસંદગી મંડળના હેડક્લાર્કના પેપરલીક કૌભાંડ અંગે સૌથી પહેલા અવાજ ઉઠાવનાર અને તે અંગે પુરાવા આપ્યાં બાદ ૭૨ કલાકમાં મંડળના અધ્યક્ષ અસિત વોરાને નહીં હટાવાય તો આંદોલન કરવાની ચિમકીઓ ઉચ્ચારનાર વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાના સૂર વારંવાર બદલાઈ રહ્યાં છે. આજે યુવરાજસિંહે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા પરીક્ષા રદ કરવાની જાહેરાતનું સ્વાગત કરવા સાથે સરકારની અત્યાર સુધીની કાર્યવાહીની પ્રસંશા કરી હતી અને તે સાથે તેણે પોતાની જ આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા કમલમ્ ખાતે કરવામાં આવેલા પ્રદર્શનને અયોગ્ય ઠેરવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સોમવારે જ્યારે યુવરાજસિંહે આપેલા ૭૨ કલાકના અલ્ટીમેટમની મુદત પુરી થતી હતી ત્યારે આપ પાર્ટીના દેખાવો દરમ્યાન પોતે દિનવસભર ગાયબ રહ્યો હતો અને તે ક્યાં હતો તે બાબત અંગેના પત્રકારોના સવાલોને તેણે ટાળ્યાં હતા.

અગાઉ પણ ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરાનું રાજીનામાનું રટણ લઈને બેઠેલા યુવરાજસિંહ જાડેજાએ પાછળથી સૂર બદલીને તેમને માત્ર તપાસમાંથી દૂર કરવામાં



આવે તેવી વાત કરી હતી. અગાઉ સરકાર પર ભરોસો નથી તેવી વાત કરનાર આ વિદ્યાર્થી નેતાએ અચાનક જ હવે સૂર બદલીને સરકારની કાર્યવાહીની પ્રસંશા કરવા માંડી છે અને ગૃહરાજ્યમંત્રી દ્વારા ગુજસીકોક લગાડવાની જાહેરાતને આવકારી પરીક્ષા રદ કરવાના નિર્ણયનું પણ સ્વાગત કર્યુ છે, જો કે આ દરમ્યાન પેપરલીક કૌભાંડમાં મંડળ તેમજ સરકારના માણસો સંડોવાયેલા હોવાના આક્ષેપમાંથી હવે તેઓ પીછેહઠ કરતા જણાઈ રહ્યાં છે. યુવરાજસિંહ જાડેજા પોતે આમ આદમી પાર્ટીનો નેતા હોવા છતાં પણ સોમવારે આપના વિરોધ પ્રદર્શનમાં પાર્ટીના તમામ નેતાઓ-કાર્યકરોની હાજરી હોવા છતાં દિવસભર ગાયબ રહ્યાં બાદ હવે તેઓએ પાર્ટીએ ગૌણ સેવા પસંદગી મંડળના કાર્યાલય કે સચિવાલય અથવા અન્ય સરકારી કચેરીએ પ્રદર્શન કરવું જોઈતું હતું તેવું જણાવી પોતાની જ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સહિતના નેતાઓના પ્રદર્શનને અયોગ્ય ઠેરવતુ નિવેદન કરીને સૌને અચંબિત કરી મુક્યાં છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના મહેસુલ વિભાગે ૨૪ જેટલા મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમ જારી કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે પાર્કિંગની સમસ્યાનું વિકરાળ સ્વરૂપ જોવા મળ્યુ હતુ. ચ-રોડ પર એક્ઝીબીશન સેન્ટરમાં યોજાયેલ ખાદ્ય-ખોરાકનું પાર્કિંગ અખબાર ભવન સુધી પહોંચ્યુ હતુ તો મતગણતરીને કારણે કોલેજ રોડ અને સે. ૧૬ સુધી પાર્કિંગ થયેલુ જોવા મળ્યુ હતુ.
- સરકારી વિનયન કોલેજમાં પંચાયતોની ચૂંટણીની મતગણતરીને લઈ લારી બજાર જામ્યુ હતુ તેમાંય ચા ની કીટલીઓ પર ભારે ભીડ હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ પણ વધુ રહ્યુ હતુ. એટલુ જ નહિ અવાજનું પ્રદૂષણ પણ વધુ જણાયુ હતુ.
- ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસની તાકીદની બેઠક ૨૨મીના રોજ બપોરના ૧ વાગે ધારાસભ્યોની ઉપસ્થિતિમાં મળશે.
- શહેરમાં આજે મતગણતરી યોજાઈ હોવાથી ગુલાલની માંગમાં વધારો જણાયો હતો.
- પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થતાં કેટલાક વિજેતાઓએ ડી.જે. સાથે વિજય સરઘસ યોજ્યા હતા.
- જિલ્લાના ૬ પ્રા.આ. કેન્દ્રોમાં વેક્સિનેશન અભિયાનને વેગ મળે તે માટે જિલ્લાકક્ષાએથી ૬ લાયઝન અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે. આ અધિકારીઓને ફાળવવામાં આવેલ કેન્દ્રોના ગ્રામ્ય વિસ્તારો ખુંદવાનો આરંભ કરી દીધો છે. પાંચ કલોલ તાલુકાના, એક ગાંધીનગર તાલુકાના આરોગ્ય કેન્દ્રનો સમાવેશ થાય છે.
- આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે લેન્ડ ગ્રેબીંગ એક્ટની જિલ્લા સમિતિની બેઠક મળશે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લીક હેલ્થ ગાંધીનગર ખાતે AICES-2021 ત્રિદિવસીય કોન્કલેવનો પ્રારંભ થયો છે.

# મુંબઈ શતાબ્દી એક્સપ્રેસ ગાંધીનગર સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરને રેલમાર્ગે જોડવાના ભાગરૂપે મુંબઈ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસને ગાંધીનગર સુધી લંબાવવામાં આવી છે. શતાબ્દી એક્સપ્રેસને ગાંધીનગર સુધી લંબાવવામાં આવતા નગરજનોને મુંબઈ સુધી જવા વધુ એક ટ્રેન ઉપલબ્ધ બની છે.

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવા છતાં અહીં રેલ માર્ગનો એટલો વિકાસ થયો નથી. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કેપીટલ રેલવે સ્ટેશનની કાયાકલ્પનું બીડુ ઝડપ્યુ હતુ. જેના કારણે છેલ્લા પાંચ-સાત વર્ષમાં કેપીટલ રેલવે સ્ટેશનનો ખુબ વિકાસ થયો છે. રેલવે સ્ટેશનની ઉપર જ સેવન સ્ટાર હોટલ શરૂ થતાં અહીંની રોનક જ જાણે બદલાઈ ગઈ છે. સેવન સ્ટાર હોટલ શરૂ થયા બાદ અહીંના રેલવે સ્ટેશનથી વધુને વધુ ટ્રેનો શરૂ થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. ભારતીય રેલ વિભાગ દ્વારા એક પછી એક નવી ટ્રેનો શરૂ કરવામાં આવે છે અને કેટલીક ટ્રેનોને ગાંધીનગર સુધી લંબાવવામાં આવી છે.

આ કવાયતના ભાગરૂપે મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસને ગાંધીનગર સુધી લંબાવવામાં આવી છે.



ગાંધીનગર સુધી લંબાવવામાં આવેલી શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનના કારણે શહેરીજનોને મુંબઈ રૂટ સુધી એક નવી પ્રિમિયમ ટ્રેન મળી ગઈ છે.

# સાયન્સ સિટી ખાતે રાજ્યકક્ષાની ત્રિ-દિવસીય "બાળ વિજ્ઞાન કોંગ્રેસ ૨૦૨૧"નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા રાજ્યકક્ષાના ૨૯મા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસનો સાયન્સ સિટી ખાતેથી શુભારંભ કરાયો હતો. જીતુભાઈ વાઘાણીએ આ પ્રસંગે ૯ સ્ટેમ ક્વીઝનો બાળ વૈજ્ઞાનિકો માટે શુભારંભ કરાવ્યો હતો. સ્ટેમ એટલે કે સાયન્સ-ટેક્નોલોજી- એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સના સમન્વયને શિક્ષણ રમત-ગમત અને સ્પર્ધાનો ત્રિવેણી સંગમ ગણાવી આ ફક્ત ક્વિઝ પૂરતી સીમિત ન રહી બાળકોના જીવન ઘડતરનું પગથિયું બને તેવો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો. આ પ્રકારની આંતરરાષ્ટ્રીયકક્ષાની ક્વિઝનું આયોજન કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય હોવાનું જણાવી ક્વિઝમાં રાજ્યના વધુમાં વધુ વિદ્યાર્થીઓને જોડાવવા અનુરોધ કર્યો હતો.

જીતુભાઈ વાઘાણીએ આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અમદાવાદની સાયન્સ સીટીનો ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે તેમ જણાવી નરેન્દ્રભાઈ મોદીએ સાયન્સ સીટી ૨.૦ના કાર્યક્રમમાં બાળકોની સર્જનાત્મકતા પર ધ્યાન કેન્દ્રિત કરવા કરેલા અનુરોધને સાયન્સસીટી દ્વારા સફળ દિશામાં સુંદર આયોજન થકી પરિપૂર્ણ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના સતત માર્ગદર્શનથી તેમના મત વિસ્તારમાં આવેલી સાયન્સ સીટી વિશ્વ સ્તરીય નજરાણું બન્યું છે તેમ પણ મંત્રીએ જણાવ્યું હતુ. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સહકાર હેઠળ રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૬ થી ઉપરના વિદ્યાર્થીઓ માટે પણ તેમના નવોન્મેષ વિચારો અને પ્રયોગોને નવી દિશા આપવા સ્ટાર્ટઅપ પોલીસી હેઠળ પ્રોત્સાહન પૂરું પાડવાનો નિર્ણય રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. રાજ્યકક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સાયન્સ કોંગ્રેસમાં ૩૩ જિલ્લાઓમાંથી વિવિધ સ્પર્ધાઓમા શ્રેષ્ઠ પ્રદર્શન કરીને કરીને આવેલા વિદ્યાર્થીઓને મંત્રીએ શુભેચ્છા પાઠવી હતી. આ વિદ્યાર્થીઓમાંથી ૩૩ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે તે માટે પણ મંત્રીએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# આવતી કાલે ગાંધીનગરમાં હિન્દુ ધર્મસત્તા મહાકુંભનું આયોજન

ભારતમાં આદિ - અનાદિ કાળથી ધર્મસત્તા અને રાજસત્તા રથના બે પૈડાંની જેમ હંમેશાં સાથે રહેલા છે અને આવી ધર્મસત્તા અને રાજયસત્તા આધારિત



સમાજવ્યવસ્થા સતયુગથી શરૂ કરી ૧૯૪૭માં આઝાદી સુધી ઓછાવત્તા પ્રમાણમાં આપણા દેશમાં અમલમાં રહી હતી. ભારતમાં નવું બંધારણ અમલમાં આવવા સાથે નાનાં-મોટા ૫૬૨ જેટલાં રજવાડાઓનું વિલીનીકરણ થતાં રાજાઓની રાજસત્તાઓ ગઈ અને તે સાથે સનાતન ધર્મના ધર્મગુરૂઓની ધર્મસત્તાનો પણ છેદ ઉડી ગયો તેમજ આધુનિક વ્યવસ્થામાં તેમનું સ્થાન અને ભુમિકા પણ ધીરે ધીરે ચાલ્યા ગયા પરંતુ લોકહૃદયમાં તેમનું સ્થાન યથાવત ચાલુ રહેતાં ધર્મગુરૂઓને તેની ખબર પડી નહીં. હવે હિન્દુસંતો રાષ્ટ્ર નિર્માણમાં અને સમાજ વ્યવસ્થામાં તેમનું સ્થાન અને ભુમિકા દિન - પ્રતિદિન ગુમાવતા જાય છે.

લોકશાહી શાસનપ્રણાલીમાં બધા રાજકીય પક્ષો મતબેંકના કુટીલ રાજકારણથી પ્રેરાઈને હિન્દુ સમાજને વિવિધ સંપ્રદાયો અને જ્ઞાતિઓમાં વેરવિખેર કરતાં જાય છે. દેશને સંપ્રદાયવાદ અને જાતિવાદનાં વિષચક્રમાંથી મુક્ત કરવાનો ઈલાજ પણ ધર્મસત્તા પાસે જ છે. છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્ર વંદના મંચના પ્રમુખ ડી.જી. વણજારા અને તેમના કર્મઠ સાથીઓની ટીમ દ્વારા થયેલા ભગીરથ પુરુષાર્થના કારણે ગુજરાતમાં કાર્યરત તમામ મત, પંથ, સંપ્રદાયોના સાધુ-સંત, મહાત્મા શ્રીઓએ "ગુરૂ વંદના મંચ"ના નેજા નીચે પ્રચંડ એકતાના દર્શન કરાવ્યા છે.

અમરધામ, લાલગેબી આશ્રમ, હાથીજણ, અમદાવાદ ખાતે મળેલી ધર્મસભામાં રાજ્યના વરિષ્ઠ સંતોએ સર્વાનુમતે નિર્ણય લીધેલો કે ધર્મસત્તા પ્રસ્થાપન માટે રાજ્યમાં પ્રચંડ લોકમત ઉભો થવો જોઈએ અને તે નિર્ધારને કાર્યાન્વિત કરવા માટે તા. ૨૩-૧૨-૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્યની રાજધાની ગાંધીનગરમાં સમર્પણ પબ્લીક સ્કૂલ મેદાન, સરકારી એન્જીનીયરીંગ કોલેજ પાસે, ખ -૭ સર્કલ, ખ - રોડના છેડે, સે-૨૮, ગાંધીનગર મુકામે પ.પૂ.મ.મં.શ્રી કનીરામદાસજી મહારાજ, પ્રમુખ, સપ્તર્ષિ પરિષદ , ગુરુ વંદના મંચના અધ્યક્ષ સ્થાને અને સંતોની વિશાળ ઉપસ્થિતિમાં હિન્દુ ધર્મસત્તા મહાકુંભનું આયોજન કરાયું છે.

## નામ બદલેલ છે

આથી હું અલકાબેન ગૌતમકુમાર બ્રહ્મભટ્ટ રહેવાસી ૨૦૨, ખ્યાલી રેસીડેન્સી, ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા, અમદાવાદ મારી ધર્મ પ્રતિજ્ઞા ઉપર સોગંદપૂર્વક જાહેર કરું છું કે, મારું જુનુ નામ અલકાબેન ગૌતમભાઈ બ્રહ્મભટ્ટ છે જે બદલીને સુધારેલ નવું નામ અલકાબેન ગૌતમકુમાર બ્રહ્મભટ્ટ છે.

## ચંદ્રાલા પાસે બસમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગરના ચિલોડાથી હિંમતનગર હાઈવે પર એસ.ટી. બસમાંથી રૂ. ૫૫૨૦ની કિંમતનો ૪ બોટલ વિદેશી દારૂ ઝડપાયો છે. હિંમતનગર તરફથી આવી રહેલી માઉન્ટઆબુ-અમદાવાદ રૂટની એસટી બસમાં ચિલોડા પોલીસે ચંદ્રાલા ગામ પાસેની આગમન હોટલ નજીક ઉભી રખાવી ચેકીંગ કરતા ઈડરથી બેસેલા બે પેસેન્જરના થેલામાંથી આ દારૂ મળી આવ્યો હતો. આ બાબતને ચિલોડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધી બંને ઈસમો વિરૂદ્ધ વધુ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

# આપ પાર્ટીએ વિડીયો જાહેર કરીને શ્રધ્ધા રાજપૂતના આરોપો સામે સવાલ કર્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં પેપરલીક મુદ્દે અસિત વોરાના રાજીનામાની માંગ સાથે કમલમ્ ધસી ગયેલા આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરો સામે ભાજપના મહિલા મોરચાના ઉપાધ્યક્ષ શ્રધ્ધા રાજપૂત દ્વારા કરવામાં આવેલી ફરિયાદ અનુસાર આપ નેતા ઈસુદાન ગઢવીએ દારૂ પીધેલી હાલતમાં તેમની છેડતી કરી હતી અને તેમણે ગોપાલ ઈટાલીયા તથા પ્રવિણ રામ વગેરેએ નખોરિયાં ભર્યા હતા તેવો ગંભીર આરોપ મુકવામાં આવ્યો છે જેની સામે આજે આપ પાર્ટી દ્વારા એક વિડીયો જાહેર કરવામાં આવ્યો છે.

જેમાં આપના કમલમ્ ખાતેના દેખાવો દરમ્યાન શ્રધ્ધા રાજપૂત દૂર એક રેલીંગ પાછળ ઉભા રહેલા દેખાય છે અને બુમો પાડી રહ્યાં છે. આ વિડીયોમાં તેમની અને દેખાવકારોની વચ્ચે ઘણું અંતર હોવા ઉપરાંત વચ્ચે ઋત્વિજ પટેલ સહિતના ભાજપના નેતાઓ પણ ઉભેલા છે જ્યારે ઈસુદાન ગઢવી તો નજીકમાં પણ ક્યાંય દેખાતા નથી. આ સ્થિતિમાં ઈસુદાને કેવી રીતે શ્રધ્ધા રાજપૂતની છેડતી કરી અને જો છેડતી કરી હોય તો ભાજપ તેનો વિડીયો જાહેર કરે તેવો આમ આદમી પાર્ટી દ્વારા સવાલ ઉઠાવવામાં આવ્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ